ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૨-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

## કોંગ્રેસને વધુ એક ફટકો

કહ્યું છે કે પ્રેમ અને યુધ્ધમાં બધુ જ જાયઝ છે : એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉર. રાજકારણમાં પણ બધુ જ ખપે કારણ કે આખરે તો એ પણ સત્તા માટેની લડાઈ સ્વરૂપે જ ખેલાતું રહે છે. મૂલ્યો અને આદર્શો તો રાજકારણીઓ માટે પોથીમાંનાં રીંગણાં છે. ગુજરાતમાં સતત ત્રણ વાર વિજયની હેટ્રીક મારનારા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ આમાં અપવાદરૂપ નથી. એમણે કોંગ્રેસી આગેવાનોને પોતાની 'પાર્ટી વિથ ડિફરંસ' સાથે સાંકળવામાં કશો છોછ નથી વરસાતો. ખાસ કરીને ચૂંટણીનાં ગણિત ધ્યાનમાં લઈ ભાજપનાં આ શિરમોર નેતા જીતી શકે તેવાં અથવા કોંગ્રેસને હરાવવામાં મદદરૂપ બને તેવા કોંગ્રેસીઓને પોતાની પાંખમાં લઈ ભગવો ખેસ પહેરાવતા રહ્યાં છે. અગાઉ બનાસકાંઠાનાં ક્ષત્રિય-ઠાકોર અગ્રણી લીલાધર વાઘેલાને ભાજપમાં સમાવી કોંગ્રેસની ઠાકોર વોંટબેંક તોડવાનો પ્રયાસ થયો હતો અને એમાં સફળતા પણ સાંપડી હતી. એ પછી તો આવા પક્ષપલતા એક પ્રકારનો શિરસ્તો જ બની રહ્યા. કોંગ્રેસમાં રહેનાર પણ જાણે કે હવે પાર્ટીમાં પડ્યાં પડ્યાં સડવું - સબડવું એ કરતાં ભાજપનો કેસરિયો પહેરી લઈ જે બટકું મળે તે ખાઈ લેવામાં જ મજા છે. ભાજપ-રાજપા માર્ગે કોંગ્રેસમાં જોડાયેલા છેલ્લે કોંગ્રેસના ધુરંધર નેતા અને સતત વિજેતા બનતા રહેતા વિઠ્ઠલ રાદડિયા સાથે સંતલસ ચાલી રહી છે. નરહરિ અમીનને કોંગ્રેસે ટિકીટ જ ન આપી તેથી નારાજ થઈને તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતા અને એનો 'સાઈકોલૉજિકલ' લાભ પણ ભાજપને મળ્યો હતો. હવે સૌરાષ્ટ્રના દબંગ સહકારી નેતાનો વારો છે. વિઠ્ઠલ રાદડિયાએ હાઈકમાંડની મરજી વિરૂધ્ધ વિધાનસભાની બેઠક જાળવી રાખી સંસદની બેઠક પરથી રાજીનામું આપ્યું હતું. મહત્ત્વાકાંક્ષી લેઉઆ પાટીદાર આગેવાનની ઈચ્છા હતી. વિધાનસભા વિપક્ષના નેતા બની ભવિષ્યમાં કયારેક ભૂલથી પણ કોંગ્રેસ સત્તા પર આવી જાય તો ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થવાની. શંકરસિંહ વાઘેલા જેવા મોટા ગજાના નેતાને અવગણવાનું પક્ષના હાઈકમાંડને યોગ્ય ન લાગ્યું, પરિણામે વિઠ્ઠલભાઈનાં મનની મનમાં જ રહી ગઈ. નરેન્દ્ર મોદી આવી નાજુક સ્થિતિનો લાભ લેવામાં પાવરધા છે. એમને પક્ષપ્રમુખ રણછોડ ફળદુને પણ ઠેકાણે પાડવા છે. વગ અને વજન ધરાવતો કાઠિયાવાડી લેઉવા પાટીદાર અગ્રણી પોતાની પાંખમાં આવી જાય તો એક સાથે અનેક પંખી મારી શકાય. કેશુબાપાનો ઘડો લાડવો તો થાય જ, સાથે કોંગ્રેસનું તો વંદે માતરમ્ જ થઈ જાય. વિઠ્ઠલ રાદડિયાને ગરજ છે એમનું સહકારી સામ્રાજય બચાવવાની. વળી પુત્ર જયેશને પ્રધાનપદું મળે, એવી શરત પણ મોદી આણિ કંપનીએ માન્ય ઠેરવી છે. બહુબોલા કોંગ્રેસ પ્રમુખનું નામું લખાઈ જાય, એ ભાજપનું ટાર્ગેટ છે એ માટે પણ વિઠ્ઠલ રાદડિયાથી વધુ અસરકારક હથિયાર મળવું જ મુશ્કેલ હતું. એટલે છવ્વીસે છવ્વીસ સંસદ બેઠકો પર ભગવો લહેરાવી કેંદ્રમાં મજબૂત દાવેદાર બનવાની દિશામાં વિઠ્ઠલ રાદડિયા અને એ પછી સંભવત : કુંવરજી બાવળિયા જેવી વિકેટો ખેરવવાની દિશામાં, મૂલ્યોને નેવે મૂકીને ઉજાગરા શરૂ થયા હોય તે બનવાજોગ.

## વિવેકાનંદ સંસ્કાર તપોવનનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

રામકૃષ્ણ પરમહંસ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ સંસ્કાર તપોવનનો તાજેતરમાં વાર્ષિક મહોત્સવ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી.

વાર્ષિકોત્સવમાં બાળકો દ્વારા શિવ તાંડવ, દેશભક્તિ નૃત્ય, યોગાસન-પીરામીડ, કરાટે નિદર્શન, હાસ્ય નાટક - પાર્લામેન્ટરી, વેસ્ટર્ન ડાન્સ, ફ્યુઝન ડાન્સ, દેશી ધમાલની સાથે સાથે, વગેરે કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ટી.વી. કલાકાર સીરાજ રંગવાલએ હાસ્યના ફૂવારા સાથે દર્શકોને મોજમાં લાવી દીધા હતા. શૈક્ષણિક ક્ષેત્રે તેમજ અન્ય ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. ધોરણ-૧૦માં ૯૫ ટકા ઉપર આવનાર વિદ્યાર્થીઓને ઈનામથી સન્માનવામાં આવ્યા હતા. સરસ્વતી એવોર્ડ અને આર્યભટ્ટ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને પણ આ પ્રસંગે શુભેચ્છા સાથે આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. મ.ભ. પ્રાથમિક શાળા પેથાપુરના આચાર્ય ભાવનાબેન પટેલ તથા આઈ.ડી.પી. સ્કૂલમાંથી વિનોદભાઈ પટેલ, શૈલેષભાઈ રાજગોર અને વોર્ડ નં. ૬ ભાજપ પ્રમુખ મફતભાઈ દેસાઈ અને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી રાજુભાઈ અને સમગ્ર ટ્રસ્ટી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન લખજીભાઈ ચરપોટ અને બિપીનભાઈ નાયકે કર્યુ હતુ. સફળ બનાવવા મુખ્ય વ્યવસ્થાપક સુરેશભાઈ પટેલ, હર્ષદભાઈ, સુનિલભાઈ પટેલ, હેતલબેન, ભાવેશભાઈ, સરસ્વતી શિશુમંદિરના સમગ્ર પરિવારે જહેમત ઉઠાવી હતી.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસીઆઈટી વિભાગ દ્વારા લા-કોમ્પાસ ૨૦૧૩ યોજાયો

### રાજયની ૧૦૦ કોલેજોમાંથી ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો: આઈ.ટી. સંબંધિત વિષયો અંગે વિવિધ ૧૦ ઈવેન્ટો યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસી આઈટી વિભાગ દ્વારા એક દિવસીય નેશનલ ટેકનિકલ ફેસ્ટિવલ 'લા-કોમ્પાસ ૨૦૧૩'નું આયોજન કરવામાં હતું. જે અંતર્ગત ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ આઈ.ટી. ક્ષેત્રને સ્પર્શતી વિવિધ



૬ જેટલી કૃતિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એમએસી આઈટી વિભાગ દ્વારા એક દિવસીય નેશનલ ટેકનિકલ ફેસ્ટિવલ 'લા-કોમ્પાસ ૨૦૧૩'નું યુનિવર્સિટી બિલ્ડીંગ, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે સવારે ૮.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. એમએસી આઈટી વિભાગ દ્વારા યોજવામાં આવેલા કોમ્પ્યુટર સાયન્સ અને ઈન્ફોર્મેશન ટેકનિકલને અનુલક્ષી યોજાયેલા આ નેશનલ ફેસ્ટિવલના ઉદ્‌ઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, એસ.કે. પટેલ કોલેજના ડાયરેકટર એન.એન. જાની, ડૉ. એસ.એમ. શાહ, અશોક સર્વે ડિરેકટર ઓફ ઈન્ફોસેન્સ ગ્લોબલ ગાંધીનગર, મંતવ્ય ગજ્જર મેનેજિંગ ડિરેકટર ટાઈની ઈઆરપી ગાંધીનગર, નિલય મિસ્ત્રી આસી.પ્રોફેસર ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર, પ્રા. બી.આર. પંડ્યા, ભાવેશ કતારીયાઉપસ્થિત રહ્યાં હતાં.

નેશનલ ટેકનીકલ ફેસ્ટીવલમાં રાજયની વિવિધ કોલેજમાંથી ૬૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ ૧૦પ્રકારની સ્પર્ધાત્મક કૃતિઓ અન્વયે પેપર પ્રેઝન્ટેશનમાં આઈ.ટી.ના વિદ્યાર્થીઓએ આઈ.ટી. ટેકનોલોજી સાથે સંકળાયેલા વિષયો અંગે રસપ્રદ રીસર્ચ પેપરો રજૂ કર્યાં હતાં. ટેકનોલોજી અંગે પણ પ્રેઝન્ટેશન કરાયું હતું. જ્યારે ડી-કોર્ડીંગ નામની ઈવેન્ટમાં વિદ્યાર્થીઓએ ઓન ધ સ્પોટ્ર્સ સોફટવેરને લગતા વિષય મુજબના વિવિધ કન્સેપ રજૂ કર્યાં હતા. જ્યારે ક્રિએટીવ આર્ટીસ્ટ સ્પર્ધામાં આઈચી. એમસીએ, પીજીસીએના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ પ્રકારના લોગોક્રિએશન દર્શાવ્યા હતાં. જેમાં વેબસાઈટની પાછળ ટેમ્પલેટ અને એનીમેશનની ડિઝાઈન વેરાઈટીઝ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ લેઈન બેટલમાં કાઉન્ટર સ્ક્રાઈક ગૅમની મજા માણી હતી. અંતમાં બ્રેઈન કવીસ્ટરમાં આઈટી સંબંધિત પ્રશ્નોતરીનો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો.

લા-કોમ્પાસમાં વિજેતા બનેલ વિદ્યાર્થીઓનો ઈનામ તથા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ભાવેશ કતારીયા, બી.આર. પંડ્યા તથા તેમની ટીમે સફળતા પૂર્વક કર્યું હતું.

## ગુજરાતી લઘુકથા પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી- ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના સંયુક્ત



ઉપક્રમે ગુજરાતી લઘુકથા પરિસંવાદનું એક દિવસીય કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫ ખાતે યોજાઈ ગયો.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટના અધ્યક્ષ સ્થાને ગુજરાતી લઘુકથા પરિસંવાદ સવારે ૯.૩૦ કલાકે કડી સર્વ વિશ્વવિદ્યાલય કેમ્પસ હોલમાં યોજવામાં આવ્યો હતો. અધ્યક્ષ સ્થાનેથી વલ્લભભાઈ પટેલે કડી ખાતે ચાલતી મોહનલાલ સાહિત્ય વર્તુળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તથા આ પ્રવૃત્તિને વેગ આપવા માટે સર્વ વિદ્યાલય સંચાલિત શાળા-કોલેજોમાં સુધી તેની લઈ જવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓમાં પડેલી સાહિત્યિક પ્રવૃત્તિને બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહિત કરવા તેમને પ્રોત્સાહક ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

ઉદ્‌ઘાટન પ્રસંગના અધ્યક્ષ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભાઈ પટેલ, સર્વ વિદ્યાલય ગાંધીનગરના વાઈસ ચેરમેન કનુભાઈ પટેલ, સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, મોહનલાલ સાહિત્ય વર્તુળના સ્થાપક મોહનભાઈ પટેલ, શ્રેષ્ઠ ગુજરાતી લઘુકથા પુસ્તકના લેખક પ્રેમજીભાઈ પટેલ, સંપાદક ડૉ. ઉત્પલ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે 'પ્રેમજીભાઈ પટેલની શ્રેષ્ઠ લઘુકથાઓ' પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. એક દિવસીય પરિસંવાદમાં લઘુકથા સ્વરૂપ, પરિચય વિશે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીઅભ્યાસક્રમ સમિતિના ચેરમેન તથા પુસ્તકના સંપાદક ડૉ. ઉત્પલ પટેલે વિસ્તારથી લઘુ કથાના સ્વરૂપ અને તેની રચના વિશે પોતાના મુક્ત વિચારો પ્રસ્તુત કર્યાં હતાં.

● અનુસંધાન પાના-૭ પર

### વિદ્યાર્થી સેનેટની ચુંટણીની આજે મતગણતરી

## NSUI-ABVPના પોતાના ઉમેદવારો જીતશે તેવા દાવા

### આઠ બેઠકો માટે આજે મતગણતરી : રવિવારે ૭૫ ટકા જેટલું ઉંચુ મતદાન થયા બાદ ભારે સસ્પેન્સની પરિસ્થિતિ

અમદાવાદ, તા.૨૫

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટની આઠ બેઠકો માટે મંગળવારે મતગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે રવિવારે યોજાયેલ મતદાનમાં સરેરાશ ૭૫ ટકા જેટલું મતદાન થયું હતું. જેમાં અમદાવાદના ત્રણ સ્થળોએ છુટક છવાયા હિંસાના બનાવો પણ નોંધાયા હતા.

ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટની આઠ બેઠકો પર યોજાયેલ ચુંટણીની મંગળવારે મતગણતરી હાથ ધરવામાં આવશે. વિદ્યાર્થી સેનેટની આર્ટસ, કોમર્સ, સાયન્સની સ્નાતક અને અનુ સ્નાતક મળીને કુલ છ બેઠકો અને બીએડ અને લો વિભાગની એમ કુલ આઠ બેઠકો માટે રવિવારે મતદાન યોજાયું હતું. જેમાં સરેરાશ ૭૫ ટકા જેટલુ મતદાન નોંધાયું હતું. જેની મતગણતરી મંગળવારે હાથ ધરવામાં આવશે. આ વિદ્યાર્થી સેનેટની આઠ બેઠકોમાંથી એનએસયુઆઈએ પાંચ બેઠક જીતવાનો દાવો કર્યો છે. જ્યારે એબીવીપીએ સાત બેઠક ઉપર પોતાના ઉમેદવાર વિજેતા બનશે તેવો દાવો કર્યો છે. વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસના નબળા દેખાવ બાદ પ્રથમ વખત યુનિવર્સિટી રાજકારણમાં ચુંટણી યોજાઈ રહી છે. સામાન્ય રીતે અત્યાર સુધી યુનિવર્સિટીના રાજકારણ પર કોંગ્રેસ સમર્થીત એનએસયુઆઈનો દબદબો રહ્યો છે. ત્યારે વિદ્યાર્થી સેનેટમાં એનએસયુઆઈ પોતાનો દબદબો જાળવી રાખે છે કે રાજ્યની અન્ય ચુંટણીઓની જેમ વિદ્યાર્થી સેનેટમાં પણ ભાજપ સમર્થીત એબીવીપી મેદાન મારી જાય છે તેને લઈ મંગળવારે જાહેર થનારા પરિણામો ઉપર સૌની નજર મંડરાયેલી છે.

## રમતગમતમાં આંતર રાષ્ટ્રીય કક્ષાએ૧૯ રાષ્ટ્રીય કક્ષાએ ૩૪ એવોર્ડ મળ્યા

### ગીર આરોહણ સ્પર્ધામાં ૨ ૨ ૨ ૮ યુવતીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૫

રમતગમત મંત્રી રમણલાલ વોરાએ આજે વિધાનસભામાં જણાવ્યું હગતું કે, તા. ૧૩.૧૨.૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતના ૬૪૯ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. જ્યારે ૧૨ ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. આ પૈકી ૩૪ એવોર્ડ રાષ્ટ્રીય કક્ષાએ અને ૧૯ એવોર્ડ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને મળ્યા છે. છેલ્લા બે વર્ષ દરમિયાન યોજાયેલ ખેલ મહાકુંભમાં ૧૭,૬૨,૨૨૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ભૂષણ ભટ્ટના એક પ્રશ્નના લેખિત જવાબમાં વોરાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં કુલ કુલ ૨,૮૨૮ યુવક યુવતીઓએ ભાગ લીધો હતો જ્યારે વર્ષ ૨૦૧૧માં કુલ ૧૬૭૩ અને વર્ષ ૨૦૧૨માં ૧,૧૬૫ યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. આરોહણ-અવરોહણ સ્પર્ધા પાછળ ૮,૩૭,૩૭૯ અને સને ૨૦૧૨માં ૭,૭૧,૧૭૩નો ખર્ચ થયો હતો.

## વિવેકાનંદ એક સ્વપ્રદૃષ્ટા વિશે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે કસ્તુરબા કન્યા વિદ્યાલય શાળા નં. ૧ માણસાના બાળકો માટે તાજેતરમાં વિવેકાનંદ એક સ્વપ્ર દૃષ્ટા વિશે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

સરકારી તાલુકા પુસ્તકાલય માણસાના મદદનીશ ગ્રંથપાલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં કસ્તુરબા કન્યા શાળા નં. ૧ માં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિવેકાનંદ એક સ્વપ્ર દૃષ્ટા વિશે બાળકોએ પોતાનું વક્તૃત્વ રજૂ કર્યું હતું. આ પ્રસંગે બાળકોને વિવેકાનંદ વિશે કોમલબેન લેઉવા અને ઉગ્રજીત વાઘેલા તથા યોગીનીબેન પટેલે વિશેષ માહિતી આપી હતી. સ્પર્ધામાં ૪૫ બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી બાળકોએ વિવેકાનંદ વિશે સારી એવી જાણકારી મેળવી હતી. બાળકોને ગ્રંથાલય વિશે વિશેષ જાણકારી પણ અપાઈ હતી. ગ્રંથાલયનો ઉપયોગ કેવી રીતે કરવો અને સા માટે કરવો તે વિશે વિશેષ જાણકારી ગ્રંથપાલ દ્વારા અપાઈ હતી. બાળકોને વિવેકાનંદ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના બાળકોએ સરસ પ્રત્યુત્તરો આપ્યા હતા. જેમાં વધારે સારા ઉત્તરો આપનાર બાળકોને ગ્રંથપાલ દ્વારા યોગ્ય પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું હતું.

## દિકરીએ હિંમતથી કહ્યું 'પપ્પા, આમ કરવાથી મારા જીવનમાં વસંત ખીલતી હોય તો એ વસંતના વધામણાં કરવામાં આપ જરાય પાછી પાની કરતા નહિ...'

**સમાજ ચિંતન**
\- પોપટલાલ એસ પ્રજાપતિ

વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું છે. વસંતના વધામણા કરવા યુવાની થનગની રહી છે. ૨૧ વર્ષે પ્રત્યેક યુવાનના જીવનમાં વસંત ખીલે છે, કારણ કે આ વર્ષે તેમને ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરવાની પરવાનગી મળે છે. વસંત ઋતુમાં કુદરતી સૌંદર્યની કયાંક કમી વરતાતી નથી પણ માનવીય સૌંદર્ય કયારે ખીલી ઉઠે? એના જીવનમાં વસંત કયારે ખીલે? એની કોઈ મોસમ ખરી? ના... પણ જીવનના ઝંઝાવાતમાં અટવાયેલા અને સંસાર સાગરના તોફાનને ખાળવા મરણિયા થઈ જંગ ખેલતા કોઈ આત્માને તરાપાનો સહારો મળે ત્યારે તેના જીવનમાં વસંત ખીલે છે. સામાજિક સુનામીના સપાટામાંથી માંડ બચેલા અને કિનારે પહોંચવા આવેલા અચાનક ડૂબવા લાગે અને કોઈ તેનો હાથ પકડી ઉગારે ત્યારે તેના જીવનમાં વસંતનું આગમન થાય છે. કુદરતના પ્રાકૃતિક સૌંદર્ય અને માનવીના સાંસ્કૃતિક સૌંદર્યનો સુમેળ થાય ત્યારે સમાજમાં વસંત ખીલ છે. અને તો જ દુનિયા જીવવા જેવી લાગે.

આજના પ્રસંગમાં એક સજ્જને સમજદારી પૂર્વક અને લાગણીથી દીકરીના જીવનમાં વસંત ખીલવવા કરેલ પ્રયાસને બિરદાવવાનો પ્રયત્ન છે. સામાજિક પ્રસંગોમાં સામા વહેણે તરવામાં હિંમત કેળવવી પડે. સમાજના ખણખોદિયાઓની ચોવટ અને ટીકાઓનો કયારેક ભોગ બનવું પડે. પણ દીકરીના ઉજવળ ભવિષ્ય માટે લિંબોદ્રાના બાબુલાલ પ્રજાપતિએ આ હિંમત બતાની જેની સમાજમાં ચારેકોર પ્રશંસા થઈ. પ્રસંગની ભીતરમાં ડોકીયું કરીએ તો બાબુલાલના જમાઈ સુનિલકુમાર પ્રાથમિક શાળા શિક્ષક તરીકે ફિક્સ પગારમાં નોકરી કરે છે. સુનિલ કુમારના નસીબ આડે કાયમી સુકા પાંદડા જ આવતા. કુટુંબમાં એક માત્ર કમાનાર વ્યક્તિ તેઓ એકલા જ હતા. ફિક્સ પગાર અને તેમાંય પિતાને ગળાનું કેન્સર થયું. ગજા બહારનો ખર્ચ કરીને પણ સુનિલે પિતાના જીવનદીપની વાટ સંકોરવા પ્રયત્ન કર્યો... પણ વ્યર્થ.. છેવટે પિતા આ ફાની દુનિયાનો ત્યાગ કરી સૌને અલવિદા કરી ગયા. સુનિલ કુમારને માથે વિધવા માતાને સાચવવાની અને બે બહેનોને સામાજિક વ્યવહારોની જવાબદારી આવી પડી. પણ તેમણે મન મક્કમ કરી જીવનપથ કંડારવાનો મનસુબો કરી લીધો. એમ કરતાં તેમની ઉંમર ૨૫ વર્ષને આંબી ગઈ. તેમનો સંબંધ અગાઉ એક સુશિલ અને સંસ્કારી કન્યા નામે સુનિતા (નામ બદલેલ છે) સાથે થયેલ. સુનિતાનો અભ્યાસ એમ.એ., એલ.એલ.બી., સુધીનો હતો. સુનિતા એક સમજદાર અને ખાનદાન પરિવારની દીકરી હતી. તેણે વિચાર્યું કે હવે મારે પતિના પડખે રહીને ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરવો જોઈએ. તેમને હૂંફ અને સથવારાની જરૂર છે ત્યારે મારે ક્ષણનાય વિલંબ વિના એની સાથે રહી લગ્નજીવનનો પ્રારંભ કરવો જોઈએ. પણ લગ્ન એટલે પાંચ-સાત લાખનું આધણ- સાદગીથી કરીએ તોય. પિતાની સેવામાં જિંદગીની બચત પૂરી કરનાર પતિ જો ધામધૂમથી લગ્ન કરે તો ફરી પાછો દેવાના ડુંગર તળે દબાઈ જાય અને પછી જિંદગી સતત ટેન્શનમાં વિતાવવી પડે. ફક્ત બે-ચાર દિવસના જલસા અને જિંદગીભરની યાતના. તેણે પતિને સમજાવ્યા. આપણે કોર્ટ મેરેજ કરીએ તો કેવું? સુનિલકુમાર મુંઝાયા. મારે પપ્પા છે નહી, જે તે નિર્ણય મારે પોતે મમ્મીની સંમતિથી લેવાનો છે. પણ સમાજમાં કેવા પત્યાઘાત પડે? સુનિલે સસરા સાથે વાત કરવાનું મુનસિબ માન્યું. સસરાને દિકરી લાડકોડે પરણાવવાના કોડ હતા. કારણ કે દિકરી વહાલનો દરિયો છે ને? પણ ખુદ દિકરીનો આ પ્રસ્તાવ હતો. અને બાબુલાલ વાસ્તવિકતાની ધરતી પર ચાલનાર માનવી હતા. તેમણે વિચાર્યું કે દિકરીનો ખ્યાલ ઉત્તમ છે, ભવિષ્યની ચિંતા કરનારો છે અને સમાજને પ્રેરણારૂપ આ પ્રસંગ થઈ જશે. છતાં તેમણે દિકરીને સમજાવવા પ્રયત્ન કર્યો, બેટા, શાંત ચિત્તે વિચારીને પછી તુ નિર્ણય કર. પણ દિકરી મક્કમ હતી. તેણે કહ્યું પપ્પા, આમ કરવાથી મારી જિંદગીમાં વસંત ખીલતી હોય તો એ વસંતના આગમનને વધાવવામાં જરાય મોડું કરતા નહિં. હું સંપૂર્ણ સ્વસ્થતાથી આ નિર્ણય લઉં છું. બાબુલાલે વિચાર્યું, દિકરી અને જમાઈ ખુશ રહેતા હોય તો મારે સમાજની શું ચિંતા કરવાની? અને બાબુલાલ દિકરીના લગ્ન કોર્ટમાં કરાવવા તૈયાર થયા. જમાઈને તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, લગ્ન નિમિત્તે તમારે કોઈ ખર્ચ કરવાનો નથી બધો ખર્ચ હું કરીશ... અને તેમણે ફક્ત પોતાનો પરિવાર અને વેવાઈના પરિવારની હાજરીમાં દિકરીના કોર્ટ મેરેજ કરાવ્યા. લગ્નમાં કારણ વગરના લખલૂંટ ખર્ચા ન કરી બધા જ દીકરીના બાપ સાદગી પૂર્વક લગ્ન કરે તો સમાજમાં નાણાંનો દુર્વ્યય થતો અટકે અને આ નાણાં ભવિષ્યની સુખાકારી માટે કેટલા મદદરૂપ થઈ શકે? સમાજમાં વટ બતાવી દેવાના વહેમમાં દેવાના બોજમાં ડુબતા પરિવારો માટે આ પ્રેરણારૂપ પગલું છે. પણ માનવ પ્રકૃતિ એવી વિચિત્ર છે કે તે હોય એનાથી વિશેષ દેખાડો કરવાનો લોભ છોડી શકતો નથી. પરિણામે સમસ્યાના વમળમાંથી તે કયારેય બહાર આવી શકતો નથી.

બાબુભાઈના આ હિંમતભર્યા નિર્ણયની વ્યાપક અસર યુવા વર્ગ પર પડી અને ગાંધીનગર પ્રજાપતિ સમાજની યુવા ટીમ જેમાં સંદિપ કે. પ્રજાપતિ, અલ્પેશ વી. પ્રજાપતિ, ધવલ બી. પ્રજાપતિ, ધર્મેશ આર. પ્રજાપતિ અને જયેશ જી. પ્રજાપતિ સામેલ છે તેઓ હરખઘેલા થઈ આ નવદંપતિને શુભાશિષ પાઠવવા અને બાબુલાલને અભિનંદન આપવા દોડી ગયા. તેમની મુલાકાત વખતે બાબુભાઈએ લાગણી સભર થઈ જણાવ્યું કે આ નિર્ણય લેતાં પહેલાં મારે ઘણી અસમંજસત્તા અનુભવવી પડેલી. કારણ કે મને ખબર છે કે સમાજમાં આના નેગેટીવ પ્રત્યાઘાત પડે. પણ મેં જે કંઈકર્યું તે દીકરીના સુખ ખાતર કર્યું છે. સમાજ ટીકા કરશે તો હું સહન કરી લઈશ. પણ મને આત્મસંતોષ છે કે મારું પગલું ખોટું નથી. યુવાનોએ તેમને બિરદાવતાં જણાવ્યું કે, તમે તો સૌએ આ દિશામાં વિચારવાની પ્રેરણા આપી છે. આ અસહ્ય મોંઘવારીમાં લગ્ન પાછળ થતાં બેફામ ખર્ચ ઘટાડવામાં ન આવે તો યુવાનોનું ભવિષ્ય ધુંધળું છે. ખાસ કરીને આગેવાનોએ સમાજમાં ખોટી પ્રણાલિઓ પાડવાથી દૂર રહેવું જોઈએ તો જ સમાજનો સર્વાંગી વિકાસ થઈ શકે. તાજેતરમાં જ પંજાબમાં ગુજ્જર જાતિએ લગ્નમાં થતા બેફામ ખર્ચ ક્રમશઃ ઘટાડવાનો નિર્ણય લીધો છે. દરેક સમાજના આગેવાનો પોતાના સમાજના હિતમાં આવા નિર્ણય લે તો સમાજ જીવનમાં વસંતનું આગમન થાય અને યુવાની નવપલ્લવીત થઈ શકે.